# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૪-A તા.૦૩-૧૨-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- બી.એલ.ઓ. વળતર રજા આપવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, મતદાર નોંધણી અધિકારી દ્વારા મતદાર નોંધણી ઝુંબેશ સંદર્ભે સમયાંતરે જે શિક્ષકોને બીએલઓ તરીકેની કામગીરી શૈક્ષણિક વર્ષ દરમિયાન સોંપવામાં આવે છે. સદરહુ કામગીરી મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા શિક્ષકોને રવિવાર તથા જાહેર રજાના દિવસે મતદાર યાદી નોંધણી ઝુંબેશ કામગીરી સોંપવામાં આવતી હોય છે.

આથી તમામ મુખ્ય શિક્ષકોને તમારી શાળા હસ્તકના જે શિક્ષકોને બી.એલ.ઓ.ના ઓર્ડર થયેલા હોય તેમજ મતદાર નોંધણી અધિકારી દ્વારા બી.એલ.ઓ. તરીકે મતદાર નોંધણી ઝુંબેશ દરમ્યાન કામગીરી કરવા આદેશ થયેલ હોય તેમજ શિક્ષક દ્વારા બી.એલ.ઓ.ની કામગીરી કર્યા અંગેનું મતદાર નોંધણી અધિકારી દ્વારા શિક્ષકના નામ જોગ કરેલ કામગીરી અંગેના પ્રમાણપત્રની ચકાસણી કરી મુખ્ય શિક્ષકે બી.એલ.ઓ. તરીકે કામગીરી કર્યા અંગેની વળતર રજા મંજૂર કરવા જણાવવામાં આવે છે.

મુખ્ય શિક્ષકે વળતર રજાઓ અંગેનું અલગથી દર વર્ષે વર્ષ વાઈઝ રેકર્ડ નિભાવવાનું રહેશે. આ મુજબ આપેલી વળતર રજા શાળાના ૨/૩થી વધુ શિક્ષકો રજા પર ન રહે તે રીતે પરચુરણ રજા તરીકે મંજુર કરવાની રહેશે. એક સમયે માત્ર એક જ રજા મંજૂર કરવાની રહેશે. આ રજાઓનો સમયગાળો જે-તે શૈક્ષણિક વર્ષ દરમિયાનનો રહેશે. વાર્ષિક નિરીક્ષણ સમયે સુપરવાઈઝર/મદદનીશ શાસનાધિકારી પાસે મંજૂર કરેલ રજાઓ પ્રમાણિત કરાવવાની રહેશે.

રાજ્ય ચૂંટણીપંચ દ્વારા બી.એલ.ઓ.ની કામગીરીની વળતર રજા અંગે અદ્યતન સૂચનાઓ મળેથી નવીન સૂચનાઓની દરેક મુખ્ય શિક્ષકે અમલવારી કરવાની રહેશે.

તા.૦૩-૧૨-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી